# <u>મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૪, અમદાવાદ.</u>

**CC–**

**ફરિયાદી:** **શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી :**

**ગુન્હો–આઈ.પી.સી.કલમ– ૧૮૮ વિ. મુજબ...**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરતા મળી આવતા તપાસ કરનાર અધિકારીએ તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.કલમ– ૧૮૮ મુજબનું શીક્ષાને પાત્ર ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીએ પોલીસ સમક્ષ હાજર રહી ગુનો કબુલ છે તથા આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપી ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે, આ પ્રથમ વખતનો ગુન્હો છે, ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ છે.

(૩) સદર કામે આરોપીએ પોલસ સમક્ષ હાજર હરી સ્વૈચ્છાએ પોતાની વિરૂધ્ધનો ગુન્હો કબુલ કરે છે અને દયાની માંગણી કરેલ છે. આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છાએ હોય સદર કબુલાત તેમજ ગુના અંગે સજાની જોગવાઈ તેમજ આરોપીની પરિસ્થિતી ધ્યાને લેતા અને ન્યાયનો હેતુ નજર સમક્ષ રાખતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી ને કુલ **રૂ.૧૦૦/– (સો પૂરા)** દંડનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયે મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો / મુદ્દામાલની નાશ કરવો / મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્દામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્દામાલ સરકાર ખાલસા કરવો.

હુકમ આજરોજ તા.૨૨/૦૬/ ૨૦૨૪ ના રોજ રેગ્યુલર લોક અદાલતમાં જાહેર કરવામા આવેલ છે.

તારીખ. **૨૨/૦૬/ ૨૦૨૪**
અમદાવાદ.

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૧૧૭૨.